વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત.
૮૦% થી વધુ મંદબુધ્ધિ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૧૧/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૫/૧૦/૨૦૨૦નો પત્ર ન. અપગ/ pension /૨૦-૨૧/૬૧૯.
(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૪/૧૧/૨૦૨૦નો પત્ર ન. અપગ/ સાધન સહાય /૨૦-૨૧/૭૦૧.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૦ના સરખા ક્રમાંકના ઠરાવથી ૮૦% થી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આવકમર્યાદાના બાધ સિવાય માસિક રૂ.૧૦૦૦/- સહાય આપવા બાબતે કુલ રૂ.૧૦૮૦.૦૦ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, પરંતુ ખરેખર ફક્ત મંદબુધ્ધિ (Intellellectual Disability) પ્રકારની માનસિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને જ સહાય આપવા માટે જોગવાઈ કરવાની મૂળ

દરખાસ્ત હતી, જેમાં નાણા વિભાગ દ્વારા શરતચુકથી "મંદબુધ્ધિ"ના બદલે "માનસિક દિવ્યાંગતા" શબ્દપ્રયોગ કરવામાં આવેલ જેના કારણે ઉક્ત ક્રમ (૧) આગળનો ઠરાવ અત્રેથી બહાર પાડવામાં આવેલ પરંતુ હવે વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત ધ્યાને લઈને આ બાબતે સુધારો કરવાનું સક્રિય વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાને અંતે હવે નીચે મુજબ સુધારા ઠરાવ કરવામાં આવે છે.

## સુધારા ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમ (૧)ના ઠરાવમાં " ૮૦ % કે તેથી વધુ માનસિક દિવ્યાંગતાને બદલે ૮૦ % કે તેથી વધુ મંદબુધ્ધિ ધરાવતા " એમ વાંચવાનું રહેશે. ઉક્ત ઠરાવમાં નીચેની શરતો પણ આથી ઉમેરવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ લાભાર્થીઓને સહાય DBT થી સીધા જ તેઓના બેંક ખાતામાં આપી શકાય તે હેતુથી NSAP MIS સોફ્ટવેરમાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત યોજનાનો NSAP MIS સોફ્ટવેરમાં સમાવેશ થાય ત્યાં સુધી પ્રસ્તુત યોજનામાં (૧) સંત સુરદાસ યોજના અને (૨) ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન યોજનાઓ હેઠળ હાલમાં લાભ લઈ રહેલ Mental Retardation (M.R) / બૌધ્ધિક અસમર્થતા (Intellectual Disability) દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને ઉપરોક્ત બન્ને યોજના હેઠળ માસિક રૂ.૬૦૦/- લાભ આપવાનું ચાલુ રાખી બાકીની સહાય રૂ.૪૦૦ જિલ્લા કક્ષાએથી NEFT થી ડાયરેક્ટ લાભાર્થીના ખાતામાં ચુકવવાની રહેશે.

(૩) સદર નવી યોજના NSAP પોર્ટલ પર એપ્રુવ કરવાની કામગીરી પૂર્ણ થયેથી જે લાભાર્થીઓને આ નવી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા આપવામાં

આવતી રૂ.૩૦૦/- ની સહાય મળવાપાત્ર થાય, તેમને આવરી લેવા તેમજ તમામ લાભાર્થીને રાજ્ય કક્ષાએથી ડી.બી.ટી. થી માસિક સહાય ચુકવવાની રહેશે.

(૪) વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.